GJCU070010532022

દાખલ તારીખ : ૧૪/૦૭/૨૦૨૨

નોંધ્યા તારીખ : ૧૪/૦૭/૨૦૨૨

ફેસલ તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

સમય ગાળો : વર્ષ માસ દિવસ

૦૩/૧૦/૨૯

## બોડેલીના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (એસ. એન. ઘાસુરા) સાહેબની કોર્ટ સમક્ષ મુ. બોડેલી

**ફોજદારી કેસ નં. ૮૬૮/૨૦૨૨**

**આંક–**

ફરીયાદી : શ્રી, સરકાર

**વિ રૂ દ્ધ**

આરોપી :(૧) મહેન્દ્રભાઈ બાબુભાઈ સોની

રહે. ગાયત્રીનગર, એસ.ટી.ડેપો પાછળ, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૨) સંજયભાઈ અરવિંદભાઈ ઠાકરડા

રહે. વર્ધમાનનગર, ઢોકલીયા ચોકડી પાસે, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૩) કૈલાસબેન સંજયભાઈ ઠાકરડા

રહે. વર્ધમાનનગર, ઢોકલીયા ચોકડી પાસે, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૪) રેખાબેન તે સોમાભાઈ મંગેશભાઈ પાટણવાડીયા

રહે. વર્ધમાન ફળીયુ, દંતેશ્વર, પ્રતાપનગર પાસે, વડોદરા

(૫) ગીતોબેન તે મગનભાઈ ઉઘાજી

રહે. વર્ધમાનનગર, ઢોકલીયા ચોકડી પાસે, બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

(૬) વિક્રમ ઉર્ફે ભલાભાઈ વલીભાઈ તડવી

રહે. પ્રાથમીક શાળા પાસે, ઢોકલીયા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

**ગુનો : ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૩ મુજબ**

---

ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી, વાય. આર. દરજી

આરોપીઓ તરફે વિ. વકીલશ્રી, એમ. આઈ. મન્સુરી

---

**: ઠ રા વ :**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, હાલનાં આરોપીઓએ તા.૧૮/૦૫/૨૦૨૨ નાં રોજ બોડેલી ખાતે વર્ધમાન નગરમાં આવેલ આરોપી નં. ૨ ના કબજા ભોગવટાના મકાનમાં વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂની શીલબંધ નાની મોટી બોટલો નંગ–૬૪૫ કિંમત રૂા. ૧,૦૬,૨૬૦/–, મોબાઈલ નંગ–૫ કિંમત રૂા. ૧ ૮,૫૦૦/–, રોકડા રૂા. ૧,૦૦,૬૨૦/–, આઈસબોક્ષ નંગ–૧ કિંમત રૂા. ૩૦૦/–, સ્ટીલનો નાનો ડબ્બો નંગ–૧ કિંમત રૂા. ૧૦૦/–, લાઈટ બીલ નંગ–૧ કિંમત રૂા. ૦૦/– તથા પતરાના પીપ નંગ–૨ કિંમત રૂા. ૪૦૦/– મળી કુલ કિંમત રૂા. ૨,૨૬,૧૮૦/– નો મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારી કરી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૩ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે. જે બાબતે ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ સામે ઉપરોકત કલમો મુજબ ની ફરીયાદ **બોડેલી** પોલીસ સ્ટેશન કરવામાં આવેલ અને ચાર્જશીટ રજુ થતા તેને ફોજદારી કેસ નં. ૮૬૮/૨૦૨૨ આપવામાં આવેલ છે.

(૨) આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થતાં અદાલત સમક્ષ આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યાર બાદ, ફરીયાદી પક્ષના આક્ષેપો અનુસર ગુન્હાની વિગતે આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૭ થી તહોમતનામુ ઘડવામા આવેલ. ત્યાર બાદ ગુન્હાની વિગતો વાંચી, સંભળાવી આરોપીઓનો આંક–૦૮ થી આંક–૧૨ મુજબ પ્રાથમીક જવાબ નોંધતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આ કામના ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**: મૌખિક પુરાવો :**

| અનુ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૯ | પંચ સાહેદ આશીષભાઈ દિનેશભાઈ પરમાર ની જુબાની |
| ૨ | ૩૧ | ફરીયાદી વિજયકુમાર મણીલાલ ઠાકોર ની જુબાની |
| ૩ | ૩૪ | સાહેદ નોવેલ વિનોદભાઈ સોલંકી ની જુબાની |
| ૪ | ૩૯ | સાહેદ શૈલેષકુમાર શનાભાઈ બારીયા ની જુબાની |
| ૫ | ૬૪ | ત.ક.અમલદાર રૂતુબેન જયંતીભાઈ ચોટલીયા ની જુબાની |

**: દસ્તાવેજી પુરાવો :**

| અનુ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | પંચનામુ |
| ૨ | ૩૨ | ફરીયાદ |

(૪) ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીઓનું ક્રી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન લેવામાં આવતાં, આરોપીઓએ તેમની સામેનો પુરાવો તેમની રુબરુ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનુ જણવી બચાવના સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવો નથી અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલ છે તેઓ નિર્દોષ છે તેવુ જણાવે છે.

(૫) આ કામે વિધ્વાન એ.પી.પી.શ્રીની તથા બચાવ પક્ષે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલા તહોમતના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરુ છું.

**: મુદ્દા ઓ :**

૧ શું ફરીયાદ પક્ષ નિશંકપણે સાબીત કરે છે કે, હાલનાં આરોપીઓએ તા.૧૮/૦૫/૨૦૨૨ નાં રોજ બોડેલી ખાતે વર્ધમાન નગરમાં આવેલ આરોપી નં. ૨ ના કબજા ભોગવટાના મકાનમાં વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂની શીલબંધ નાની મોટી બોટલો નંગ–૬૪૫ કિંમત રૂા. ૧,૦૬,૨૬૦/–, મોબાઈલ નંગ–૫ કિંમત રૂા. ૧૮,૫૦૦/–, રોકડા રૂા. ૧,૦૦,૬૨૦/–, આઈસબોક્ષ નંગ–૧ કિંમત રૂા. ૩૦૦/–, સ્ટીલનો નાનો ડબ્બો નંગ–૧ કિંમત રૂા. ૧૦૦/–, લાઈટ બીલ નંગ–૧ કિંમત રૂા. ૦૦/– તથા પતરાના પીપ નંગ–૨ કિંમત રૂા. ૪૦૦/– મળી કુલ કિંમત રૂા. ૨,

૨૬, ૧૮૦/– નો મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારી કરી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૩ મુજબનો ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુધ્દા પરત્વે મારો નિર્ણય નીચે મુજબ આપુ છું.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

**: કારણો :**

**(૮) મુદ્દા નં. ૧**

(૮.૧) ફરીયાદ પક્ષે આંક–૨૯ થી પંચ સાહેદ આશીષભાઈ દિનેશભાઈ પરમાર પોતાની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક:–૩૦ વાળા પંચનામાની પોતાની સહીઓ ઓળખી બતાવી જણાવે છે કે, આ સહી મે બોડેલી પો.સ્ટેમા કરેલી હતી. આ સહી મે દોઢ બે વરસ પહેલા કરેલી. સહી કરી તે વખતે બરોડા રહેતો હતો. મારા ઉપર સ્ટેટ મોનીટરીંગ વાળા વિજયભાઈ મણીલાલ નો ફોન આવેલો અને કીધેલુ કે અમો રેડમાં જઈએ છીએ જેથી પંચમાં સહી કરો. કઈ વ્યકતીને ત્યા રેડ કરેલી તે મને ખ્યાલ નથી. દારૂ બાબતની રેડ હતી મને પોલીસ પ્રાઈવેટ વાહનમાં સાથે લઈ ગયેલી. મારી સાથે બીજા પંચ હતા જેનુ નામ રમણભાઈ માનસીંગભાઈ વણઝારા તેઓ મૈયત થયેલા છે. આ રેડ ઘરમાં પડી હતી જયા મે જોયુ તો દારૂની બોટલો પકડાઈ હતી આ દારૂ આશરે પાંચ સાત પેટી પકડાયેલો હતો. પછી સહી કરી બીજી કોઈ માહીતી નથી. આ દારૂ વિદેશી પકડાયેલ હતો. બીજુ કઈ હુ જાણતો નથી. અંદાજીત જેના ઘરે રેડ કરેલી તે વ્યકતીને ઓળખી ના શકુ. આ રેડ આશરે સાંજના પાંચ વાગ્યાની આસપાસ બનેલો તેમ જણાવી ઉ.ત.માં જણાવે છે કે, મને પોલીસ અવાર નવાર બોલાવે છે અને મને સારી રીતે ઓળખે છે અને મારા સબંધો સારા છે. પોલીસ વાળા જે રીતે બોલાવે તે રીતે જાઉ છુ તે જે કહે તે પ્રમાણે કામ કરુ છુ. હુ ઘણા બધામા પંચો તરીકે સહી કરેલી છે અંદાજે ૮ થી ૧૦ હશે. બોડેલી પોલીસ વાળા લઈને આવેલા નહી. પંચનામુ મે વાંચેલુ હતુ. અમો કયા નંબરની ગાડીમાં આવેલા તેની મને જાણ નથી. પોલીસ રૂબરૂ અને મામલતદાર આરોપી ઓળખ પરેડ થયેલ હોય તેવુ બનેલુ નથી.

(૮.૨) ફરીયાદ પક્ષે આંક–૩૧ થી ફરીયાદી વિજયકુમાર મણીલાલ ઠાકોર પોતાની સરતપાસમાં ફરીયાદને સમર્થનકારી પુરાવો આપી ઉ.ત.માં જણાવે છે કે, બાર વર્ષથી નોકરી કરતો હોય જેથી મને પોલીસ મેન્યુઅલ જે કાઈ કાર્યવાહી કરવાની હોય તેનુ સંપુર્ણપણે જ્ઞાન છે. જે તે ઉપલા અધિકારીને જાણ કરવાની હોય તો મારે લેખીતમાં કરવાની હોય. મારી ફરીયાદમાં બાતમીદારનુ નામ અને કયા મોબાઈલ નંબર પરથી મેળવેલ છે તેવી હકીકત જણાવેલ નથી. કહેવાતો બનાવની જગ્યાનુ અતંર અંદાજીત ૫૦૦ મીટર નુ છે. વિદેશી દારૂના એકટના કાયદા મુજબ જપ્તી અને જડતી અને ઠરાવ કરેલો હોય તેવુ બનેલ નહી. બાતમી મળી ત્યારથી કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. બાતમી મળી ત્યારથી બનાવ સ્થળે જવા માટે કોઈ સમય ફરીયાદમાં જણાવેલ નથી. જે બાતમી મળે તો તેની નોધ કરવા માટે રજીસ્ટર હોય છે. કહેવાતા બનાવમા ઉપયોગમાં લીધેલ વાહનોની વ્ગત ફરીયાદમાં લખાવેલી નથી. કહેવાતા બનાવના આરોપીઓની મારા રૂબરૂ મામલતદાર રૂબરૂ ઓળખપરેડ થયેલ નહી. મકાનની માલીકી બાબતે કોઈ પણ પુરાવા મેળવી રજુ કરેલા નથી. સી.આર.પી.સી.કલમ–૧૬૫ અને ૧૬૬ નુ પાલન કરેલ નથી.

(૮.૩) ફરીયાદ પક્ષે આંક–૩૪ થી સાહેદ નોવેલ વિનોદભાઈ સોલંકી પોતાની સરતપાસમાં ફરીયાદીને સમર્થનકારી પુરાવો આપી ઉ.ત.માં જણાવે છે કે, હુ પોલીસ મેન્યુઅલથી વાકેફ છુ. મારે જે કામગીરી કરવાની હોય તે ઉપલા અધિકારી જે આદેશ કરે તે મુજબ કાર્યવાહી કરવાની હોય છે. આ બનાવ જગ્યાએ ખીચોખીચ વાળી વસ્તી છે આવન જાવન મર્યાદીત છે તેવુ સાહેદ જણાવે છે. કહેવાતા બનાવ અંગેનો રીપોર્ટ કરેલો. ફરીયાદમાં બાતમીદારનુ નામ અને કયા મોબાઈલ નંબર પરથી મેળવેલ છે તે હકીકત જણાવેલ નથી. ફરીયાદના કામે બાતમી મળે શબ્દસહ લખેલી નથી. વધુમાં વધુ કામગીરી કરવાનુ કામ ઉપરા અધીકારીને બતાવવાનુ હોય છે. કહેવાતા બનાવના કામે મે રેડ કરવા ગયેલો હોય એક પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૮.૪) ફરીયાદ પક્ષે આંક–૩૯ થી સાહેદ શૈલેષકુમાર શનાભાઈ બારીયા પોતાની સરતપાસમાં ફરીયાદીને સમર્થનકારી પુરાવો આપી ઉ.ત.માં જણાવે છે કે, હુ પોલીસ મેન્યુઅલથી વાકેફ છુ. મારે જે કામગીરી કરવાની હોય તે ઉપલા અધિકારી જે આદેશ કરે તે મુજબ કાર્યવાહી કરવાની હોય છે. આ બનાવ જગ્યાએ ખીચોખીચ વાળી વસ્તી છે આવન જાવન મર્યાદીત છે તેવુ સાહેદ જણાવે છે. કહેવાતા

બનાવ અંગેનો રીપોર્ટ કરેલો. ફરીયાદમાં બાતમીદારનુ નામ અને કયા મોબાઈલ નંબર પરથી મેળવેલ છે તે હકીકત જણાવેલ નથી. ફરીયાદના કામે બાતમી મળે શબ્દસહ લખેલી નથી. વધુમાં વધુ કામગીરી કરવાનુ કામ ઉપરા અધીકારીને બતાવવાનુ હોય છે. કહેવાતા બનાવના કામે મે રેડ કરવા ગયેલો હોય એક પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૮.૫) ફરીયાદ પક્ષે આંક–૬૪ થી ત.ક.અમલદાર રૂતુબેન જયંતીભાઈ ચોટલીયા પોતાની સરતપાસમાં ફરીયાદીને સમર્થનકારી પુરાવો આપી ઉ.ત.માં જણાવે છે કે, બનાવવાળી જગ્યા મે જોયેલી છે જેમા બાવવાળી જગ્યા લોકોની અવર જવર વાળો રસ્તો છે અને વાહનોની અવર જવર રહે છે. પંચનામુ અમોએ કરેલ ન હોય પંચોને અમારે મળવાનુ થયેલુ નથી. બનાવવાળી જગ્યાના કોઈ કેમેરા રેકર્ડ અમોએ કબજે કરેલા નથી.

(૯) આમ ફરીયાદ પક્ષનાં કેસ મુજબ હાલનાં આરોપીઓએ તા.૧૮/૦૫/૨૦૨૨ નાં રોજ બોડેલી ખાતે વર્ધમાન નગરમાં આવેલ આરોપી નં. ૨ ના કબજા ભોગવટાના મકાનમાં વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂની શીલબંધ નાની મોટી બોટલો નં ગ–૬૪૫ કિંમત રૂા. ૧,૦૬,૨૬૦/–, મોબાઈલ નંગ–૫ કિંમત રૂા. ૧૮,૫૦૦/–, રોકડા રૂા. ૧ ,૦૦,૬૨૦/–, આઈસબોક્ષ નંગ–૧ કિંમત રૂા. ૩૦૦/–, સ્ટીલનો નાનો ડબ્બો નંગ–૧ કિંમત રૂા. ૧ ૦૦/–, લાઈટ બીલ નંગ–૧ કિંમત રૂા. ૦૦/– તથા પતરાના પીપ નંગ–૨ કિંમત રૂા. ૪૦૦/– મળી કુલ કિંમત રૂા. ૨, ૨૬, ૧૮૦/– નો મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારી કરી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૩ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલાની હકીકત જણાવે છે તે ઉપર ચર્ચા કર્યા મુજબ સ્વતંત્ર પંચ સાહેદોનાં પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી કે જે પુરવાર થવી અતી મહત્વની છે. આમ, ફરીયાદ પક્ષનાં સાહેદોની જુબાની આધારે આરોપીઓને ગુનામાં સંડોવતો કડીબધ્ધ સર્મથનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ આરોપી વિરુધ્ધનો ગુનો નીશંકપણે પુરવાર થયેલ હોવાનુ માની શકાય તેમ ન હોઈ મુદ્દા નં.૧ ને જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**: આ ખ રી હુ ક મ :**

૧. આ કામના આરોપી (૧)મહેન્દ્રભાઈ બાબુભાઈ સોની (૨) સંજયભાઈ અરવિંદભાઈ ઠાકરડા (૩) કૈલાસબેન સંજયભાઈ ઠાકરડા (૪) રેખાબેન તે સોમાભાઈ મંગેશભાઈ

પાટણવાડીયા (૫) ગીતોબેન તે મગનભાઈ ઉધાજી (૬) વિક્રમ ઉર્ફે ભલાભાઈ વલીભાઈ તડવી નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨), ૮૩ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે લીધેલ મુદામાલ દારુનો અપીલ પીરીયડ વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મોબાઈલ કે અન્ય કોઈ મુદ્દામાલ હોય તો તેનો વચગાળાનો જે હુકમ થયેલ છે તે કાયમી કરવામાં આવે છે અને જો હુકમ ન થયેલ હોય તો તે મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ અગાઉ જે કોઈ જામીન આપેલ હોય તે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૬/૨૦૨૬
બોડેલી

(એસ. એન. ધાસુરા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
બોડેલી